ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૨-૨૦૧૨, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

### ખાળે ડૂચા, દરવાજા મોકળા : ‘સબ સલામત’ની પોલ ખોલતા સાબરમતીના ખૂંખાર કેદીઓ

સાબરમતી સેન્ટ્રલ જેલના ખૂંખાર કેદીઓએ ગુજરાત પોલીસની આબરૂના ધજાગરા ઉડાડી દે એવું ભારે પરાક્રમ કરી બતાવ્યું છે. તોતિંગ દીવાલો પાછળની સર્વાધિક સુરક્ષિત બૅરેકમાં કેદ પુરાયેલા ૨૬ જુલાઈ ૨૦૦૮ના કુખ્યાત સિરિયલ બ્લાસ્ટના ચૌદ આરોપીઓએ જેલમાંથી ભાગી છૂટવા માટે જેલના હાઈ સિક્યુરિટી ઝોનમાં આવેલા ‘છોટા ચક્કર’ના કંપાઉન્ડમાં જ સાડી બેતાલીસ ફૂટ લાંબી સુરંગ ખોદી ત્યાં સુધી જેલ તંત્રને એની ગંધ સુધ્ધાં ન આવી તે જ ગુજરાત પોલીસની નીંભર બેજવાબદારીનું ઐતિહાસિક પ્રમાણપત્ર બની રહેશે. ચોવીસે કલાક વીઆઈપી સિક્યુરિટી પાછળ લાગી રહેતી રાજયની પોલીસ માટે આ એક યાદગાર કલંક કથા છે, જેનો દેશમાં જોટો જડવો મુશ્કેલ છે. દેશની અન્ય જેલોમાં પણ કેદીઓ ફરાર થયાના દાખલા બનતા રહ્યા છે, પરંતુ ત્યાં સીધેસીધા કોઈ ગાર્ડને ફોડીને અથવા જેલતંત્ર સામે સશસ્ત્ર બળવો કરીને કેટલાક સ્થાનિક માથાભારે કેદીઓ ભાગી છૂટયા હોવાની ઘટનાઓ બહાર આવી છે. સાબરમતી સેન્ટ્રલ જેલનો આ કિસ્સો તો પાકિસ્તાનના આતંકવાદી કૅમ્પોમાં તાલીમ લઈને આવેલા ખૂંખાર કેદીઓનો છે. જો જેલ સુબેદાર નકુમને છોટા ચક્કર પાસે પડેલી નાઈલોનની જાળ નજરે ન પડી હોત તો બદમાશ ત્રાસવાદીઓના ષડયંત્રની તંત્રને છેક સુધી ખબર જ ન પડત. વૉલીબોલ રમવા માટે આપવામાં આવેલી નાઈલોનની જાળ મારફત આ કેદીઓ કબૂતરોને ફસાવતા હતા પણ નજીકમાં જ આવેલ બૅરેક નં. ૪/૨ની પાણીની ટાંકી નજીક દોઢ મહિનાથી સવાર સાંજ બબ્બે કલાક કાળી મજૂરી કરી એમણે પોતાના સાથી ઈજનેર કેદીના માર્ગદર્શન હેઠળ ૧૬ ફૂટ ઊંડી અને ૨૬ ફૂટ લાંબી સુરંગ ખોદી કાઢી હતી.

અચાનક બંદૂકનો કૂંદો જમીન પર ઠોકતાં સુબેદાર નકુમને જમીન બોદી લાગી એટલે શંકા જવાથી એમણે ત્યાં ખોદકામ કરાવ્યું ત્યારે આ કાવતરૂં પકડાઈ જવા પામ્યું હતું. ક્રાઈમ બ્રાંચની તપાસમાં સનસનાટી ભરી બાબતો પ્રકાશમાં આવી છે. બાગકામ કરવાના બહાને ખૂંખાર કેદીઓએ આટલી ઊંડી અને લાંબી સુરંગ તૈયાર કરી દીધી હતી. મેઈન ગટર લાઈન અને સુરંગ વચ્ચે હવે થોડાક ફૂટનું છેટું રહી ગયું હતું. જો ત્યાં સુધી પહોંચી જવાયું હોત તો કેદીઓ એક પછી એક મેઈન હૉલમાંથી બહાર નીકળી ભાગી છૂટવાની એમની મુરાદ જરૂર બર લાવી શકયા હોત. પાપ પકડાઈ ગયું છે તે બદલ પાડ માનવો હોય તો ગુજરાત સરકાર કેવળ ઈશ્વરનો જ માની શકે. પોલીસ તંત્ર કેટલું બેદરકાર છે એની પોલ ખુલ્લી પડી ગઈ છે. મુખ્યમંત્રીને રાજી કરવા ભાતભાતનાં નકલી એન્કાઉન્ટરોની હારમાળા પ્રયોગી શકતી પોલીસની આંખોમાં ખૂંખાર ત્રાસવાદીઓ દોઢ મહિનાથી બાગકામના બહાના હેઠળ સુરંગ બનાવી ધૂળ નાખતા રહ્યા, એ જ શું સૂચક નથી? જેલોના વડા પી.સી. ઠાકુરે સ્ટાફની અછતનો મુદ્દો આગળ ધર્યો છે તે પણ નજર અંદાજ કરવા જેવો નથી જ. છતાં બીજીય અનેક બાબતો ગંભીર વિચારણા માગી લે છે.

# ગાંધીનગરના બે દોડવીરોએ નવા વિક્રમ રચ્યા

## ફૂટબોલ (મહિલા) હોકી (બોય) અને હેન્ડબોલમાં પણ ગાંધીનગરની ટીમોએ વિજય પતાકાઓ લહેરાવી

ગાંધીનગર, તા.૧૨

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક -વૃતિઓ વિભાગ, ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા વહીવટી તંત્ર અને મહાનગર પાલિકા, ગાંધીનગર દ્રારા રાજય કક્ષાની એથ્લેટીક્સ ફાઈનલ સ્પર્ધાનું આયોજન સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (સાંઇ), સેકટર-૧૫, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત આજરોજ યોજાયેલ એથ્લેટીકસની ફાઈનલ સ્પર્ધામાં વર્ષ-૨૦૧૦ અને ૨૦૧૧ દરમ્યાન નોંધાયેલ ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાના રેકોર્ડ બ્રેક થયા હતા. જેમાં વર્ષ-૨૦૧૧માં ૧૬ વર્ષથી નીચેના ભાઈઓની ૪૦૦ મીટરની દોડની સ્પર્ધાનો રેકોર્ડ ૫૪સેકન્ડ ૨ સેકન્ડ/સેકન્ડ હતો. આ દોડ વલસાડના નિલેશ એચ. ભોન્ડવાએ ૫૩સેકન્ડ ૧૦સેકન્ડ/સેકન્ડમાં પુરી કરી હતી. તેમજ આ વિભાગની ૧૫૦૦ મીટર અને ૫૦૦૦ મીટરની દોડનો વર્ષ-૨૦૧૧માં રેકોર્ડ અનુક્રમે ૪ મિનિટ ૨૯ સેકન્ડ ૩ સેકન્ડ/સેકન્ડ અને ૧૭ મિનિટ ૦ સેકન્ડ ૩ સેકન્ડ/સેકન્ડ હતો. આ રેકોર્ડ વર્ષ-૨૦૧૨ની ૧૫૦૦ મીટર દોડના ગાંધીનગરના ખેલાડી રાજેશભાઈએ ૪ મિનિટ ૨૩ સેકન્ડ ૫ સેકન્ડ/સેકન્ડમાં અને ૫૦૦૦ મીટર દોડના ગાંધીનગર શહેરના ખેલાડી મુકીમખાને ૧૬ મિનિટ ૪૮ સેકન્ડ ૩ સેકન્ડ/સેકન્ડમાં પુરી કરી રેકાર્ડ બ્રેક કર્યો હતો.





૧૬ વર્ષથી નીચેની બહેનોના વિભાગમાં વર્ષ- ૨૦૧૧માં ૪૦૦ મીટરની દોડની સ્પર્ધાનો રેકોર્ડ ૧ મિનિટ ૦૮ સેકન્ડ હતો. આ દોડ વડોદરા શહેરની શિવાલી પાટીલે ૧ મિનિટ ૦૪ સેકન્ડ ૮ સેકન્ડ/સેકન્ડમાં પુરી કરી હતી. તેમજ આ વિભાગની ૫૦૦૦ મીટરની દોડનો વર્ષ-૨૦૧૧માં રેકોર્ડ ૨૦ મિનિટ ૧૫ સેકન્ડ ૩ સેકન્ડ/સેકન્ડ હતો. આ રેકોર્ડ વર્ષ- ૨૦૧૨ની ૫૦૦૦ મીટરની દોડ પાટણની ખેલાડી કિંજલ એન ગોસ્વામીએ ૧૯ મિનિટ ૫૨ સેકન્ડ ૨ સેકન્ડ/સેકન્ડમાં પુરી કરી રેકાર્ડ બ્રેક કર્યા હતો. લોન્ગ જમ્પનો વર્ષ- ૨૦૧૧નો રેકોર્ડ ૪.૫૨ મીટર હતો. આ રેકાર્ડ વર્ષ- ૨૦૧૨ના લોન્ગ જમ્પની પાટણની ખેલાડી આશા ઠાકુરે ૪.૭૯ મીટરનો જમ્પ કૂદીને રેકોર્ડ બ્રેક કર્યો છે. વર્ષ-૨૦૧૧માં ૪ ૧૦૦ મીટર રીલેનો રેકોર્ડ ૫૭ મિનિટ ૭ સેકન્ડનો હતો. જે આ વર્ષ આ સ્પર્ધાના ખેડા જિલ્લાના ખેલાડી રેનુબેન પરમાર, રેખા ડામોર, રમીલા ગમાર અને ગંગા રાઠવાએ ૫૭ મિનિટ ૨ સેકન્ડમાં પુરી કરીને રેકોર્ડ તોડ્યો હતો. ૧૬ વર્ષથી ઉપરના ભાઈઓના વિભાગમાં વર્ષ-૨૦૧૦માં ૪૦૦ મીટરની દોડનો રેકોર્ડ ૪૯ સેકન્ડ ૫૦ સેકન્ડ/સેકન્ડ હતો. વડોદરા સીટીના ખેલાડી મયૂર ડી. માલવિયાએ ૪૯ સેકન્ડમાં પુરી કરી રેકાર્ડ બ્રેક કર્યો હતો. વર્ષ- ૨૦૧૧માં લોન્ગ જમ્પનો રેકોર્ડ ૬.૮૬ મીટર હતો. આ રેકોર્ડ દાહોદ જિલ્લાના ખેલાડી રાજા દોમનાનએ ૭.૨૯ મીટરનો જમ્પ મારી તોડી પાડ્યો છે. ૧૬ વર્ષથી ઉપરની બેહેનોના વિભાગમાં વર્ષ- ૨૦૧૧માં ૧૫૦૦ મીટરની દોડનો રેકોર્ડ ૫ મિનિટ ૨૪ સેકન્ડ ૯ સેકન્ડ/સેકન્ડ હતો. દોડ દાહોદની ખેલાડી જેકેબ જીજીમોલેએ ૫ મિનિટ ૨૦ સેકન્ડ ૪ સેકન્ડમાં પુરી કરી હતી. જવેલિયન થ્રો રમતનો વર્ષ - ૨૦૧૧માં રેકાર્ડ ૩૬.૨૬ હતો. દાહોદ જિલ્લાની ખેલાડી અર્પણા એસ. પિલ્લાઈએ ૩૩.૪નો રેકોર્ડ નોંધાવી બ્રેક કર્યા છે.



સાહેબ, આ કહે છે કે આમ તો હું એ થાળીમાં ખાવા માટે જ ઉપયોગ કરતો હતો... પણ કસાબને.. અફઝલને... જેવી રીતે ફાંસીએ લટકાવી દીધા એ જોઈને ડરી ગયા હતાં...!!

## ખેલમહાકુંભની લોન ટેનીસ સ્પર્ધામાં સુવર્ણચંદ્રક મેળવતી વૈદેહી ચૌધરી



ગાંધીનગર શહેરના સેકટર-૨૯માં આવેલી શાંતિનિકેતન પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી વૈદેહી ચૌધરીએ તાજેતરમાં ખેલમહાકુંભ લોન ટેનીસ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો છે. ખેલ મહાકુંભમાં લોન ટેનીસ રમતમાં અંડર-૧૬માં ગાંધીનગરની શાંતિનિકેતન પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની વૈદેહી ચૌધરીએ ભાગ લઈ વિજય પ્રાપ્ત કર્યો છે. લોન ટેનીસ સ્પર્ધામાં સુરતના અને અમદાવાદના સ્પર્ધકોને હરાવી વૈદેહી ચૌધરીએ ફાઈનલમાં જીત હાંસલ કરી છે. મુખ્યમંત્રીના હસ્તે વિજેતા વૈદેહીને ગોલમેડલ એનાયત કરવામાં આવશે. શાળાના આચાર્ય બિપીનભાઈ રાવલે વિજેતા ખેલાડીની આ સિદ્ધિને બિરદાવી હતી અને અભિનંદન પાઠવ્યા હતા.

# સ્વામી વિવેકાનંદ સ્કૂલ ખાતેથી મહાનગરપાલિકાનાં મેડીકલ તપાસ કાર્યક્રમનો પ્રારંભ

## ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ પણ યોજાયો







ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૪માં આવેલી સ્વામી વિવેકાનંદ સ્કૂલ ખાતેથી ગતરોજ મહાનગરપાલિકાના મેડીકલ તપાસના કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે તથા ધોરણ-૧૦ના વિદ્યાર્થી ભાઈ-બહેનોનો વિદાય સમારંભ પણ યોજવામાં આવ્યો હતો.

કોર્પોરેટર પ્રવીણાબેન કનુભાઈ દરજીના પ્રયત્નોથી વાયબ્રન્ટ સેકટર-૨૪ કાર્યક્રમનાં ભાગરૂપે ગાંધીનગર મહાનગરપાલિકાની મેડીકલ તપાસના કાર્યક્રમની શરૂઆત સ્વામી વિવેકાનંદ સ્કૂલ, સેક્ટર-૨૪ ખાતેથી કરવામાં આવી હતી. મહાનગરપાલિકાના કમીશનર લલીત પાડલીયાએ પોતાના મનનીય પ્રવચનમાં બાળકોને ‘પહેલું સુખ તે જાતે નર્યા’ ની શીખ આપી તબીબોને શાળા આરોગ્યની સતત જાળવણી કરવા માટે જણાવ્યું હતું.

ધારાસભ્ય અશોકભાઈ પટેલે નશાબંધી સંસ્કાર કેન્દ્રની પ્રવૃત્તિને બિરદાવતા સ્વામી વિવેકાનંદ સંકૂલ, સેક્ટર-૨૪ને ‘નાની અને શ્રેષ્ઠ શાળા’ તરીકે નવાઝી હતી.

યુવા દિશા કેન્દ્રના અધ્યક્ષ સંજીવભાઈ મહેતાએ પોતાના સ્વાગત પ્રવચનમાં સંસ્થાની પ્રવૃત્તિઓના પરિચય આપવાની સાથે ‘સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ’ માટે વિદ્યાર્થી નિર્માણ પર જોર મુક્યું હતું. કોર્પોરેટર સુરેશભાઈ મહેતાએ સેક્ટર-૨૪ના વિકાસ કામોની રૂપરેખા આપી શાળાની પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે દેશભક્તિ ગીત, સમૂહનૃત્ય બાળકો દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં કેતનભાઈ જોષી, ભરતભાઈ રાણા, આશિષ પંડ્યા, જીતુભાઈ દવે, અશોકભાઈ ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર મેડીકલ એસોસિએશનના પ્રમુખ ડૉ. અનિલ ચૌહાણના માર્ગદર્શન અને અનુગ્રહથી યોજાયેલા આ મેડીકલ કેમ્પમાં ડૉ. દિનેશભાઈ બારોટ, ડૉ. ગિરીશ મકવાણા, ડૉ. સુતરીયા, ડૉ. શ્વેતાબેન ચૌહાણે વિશેષ સેવાઓ આપી હતી. ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને આ પ્રસંગે વિદાય આપી આગામી પરીક્ષાઓ માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી. શાળામાં છેલ્લા દસ વર્ષથી અભ્યાસ કરતા વિદ્યાર્થી ઉમંગ દેસાઈ અને નદીમ મેમણે આ પ્રસંગે પોતાના શાળા સંસ્મરણો વાગોળ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં કનુભાઈ દરજી, સંગીતાબેન, હેમલતાબેન વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

# પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં આર.ટી.આઈ. અંગે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેકટર-૭માં આવેલી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સી.ડબલ્યુ.ડી.સી. અંતર્ગત એક દિવસનો આર.ટી.આઈ. વિષય પર સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં કોલેજની ૩૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. અને રાઈટ ટુ ઈન્ફર્મેશન અંગે માહિતી મેળવી હતી.

અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કાર્યરત (કોલેજીએટ વિમેન્સ ડેવલપમેન્ટ સેલ) (સી.ડબલ્યુ.ડી.સી.) અંતર્ગત એક દિવસીય રાઈટ ટુ ઈન્ફર્મેશન (આર.ટી.આઈ.) વિષય પર પરિસંવાદ યોજાઈ ગયો જેમાં સરદાર પટેલ લોક પ્રશાસન કેન્દ્ર, ઈસરોના આયોજન હેઠળ પી.જે. દેરાસરી અને એસ.એ. જોશીપુરાએ આર.ટી.આઈ. અંગે માહિતી આપી હતી. ૩૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ આ પરિસંવાદમાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રિ. ડૉ. ઊર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ સી.ડબલ્યુ.ડી.સી.ના કન્વીનર ડૉ. લીના સ્વાદિયા અને કો-કન્વીનર પ્રા. ગીતાબેન ચૌધરીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પ્રા. ડૉ. મીનાબેન વ્યાસ, પ્રા. સજ્જનબેન ચૌધરી, પ્રા. અભિષેક દરજી અને કુ. વાળંદ મિત્તલે સહયોગ આપ્યો હતો. સરદાર પટેલ લોક પ્રશાસન કેન્દ્રના અશોકભાઈ ચૌધરી અને મેકવાનભાઈ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

# મન સત્યતાના સાક્ષી ત્યારે જ પુરે જયારે આપણે પૂર્ણ તટસ્થતાથી નિર્ણય લીધો હોય

**સંસ્કાર ચિંતન**

– અનંત. ન. વ્યાસ

**મનસા નિશ્ચય કૃત્વા તતો વાચાભિધિયતે ।**
**ક્રિયતે કર્મણ પશ્ચયાત, પ્રમાણં મે મનઃ ॥**

‘મનથી નિશ્ચય કર્યા પછી તે વાણી દ્વારા વ્યક્ત થાય છે. ત્યાર પછી જ કર્મ કરવામાં આવે છે. મારૂં મન મારા માટે પ્રમાણરૂપ છે.’

મહાભારતના વનપર્વમાં સત્યવાન-સાવિત્રીની કથા આવે છે. સાવિત્રીએ સત્યવાનને પતિ તરીકે પસંદ કરેલો, તેના મનને ડગાવવા નારદ તેને જણાવે છે કે સત્યવાનનું આયુષ્ય હવે એક વર્ષ જ છે. તારે તારા નિર્ણયની ફેર-વિચારણા જરૂર કરવી જોઈએ. આ લગ્નથી તારા દુઃખમાં વધારો થશે. જવાબમાં સાવિત્રી પોતાનો નિર્ણય અફર છે તેનું મન પણ સાક્ષી પુરે છે. તેમ કહે છે. સાવિત્રીના શબ્દો દરેક વ્યક્તિએ બરાબર વિચારવા જેવા છે. સમાજ વ્યક્તિના વિચારોને તથા આનુશાંગિક નિર્ણયોને વારંવાર પડકારે છે. નિર્ણયોમાં ફેર કરવા અથવા તો છોડી દેવા દબાણ કરતો હોય છે. દરેક નાના મોટા પ્રશ્ન પર સમાજમાં પરસ્પર વિરોધી, મંતવ્યો વ્યક્ત થતા રહે છે. તદન નિકૃષ્ટ વિગતોને પણ સારી રીતે સત્ય છે તેવું કહી, તે માટે ગેરવાજબી સલાહ આપનારા પણ સમાજમાં ફૂટી નીકળે છે. તાજેતરમાં અફઝલ ગુરૂ જેવા ત્રાસવાદીની તરફેણ કરનાર - તેને ફાંસી ન અપાવી જોઈએ તેવી દલીલો કરનાર મળી આવ્યા છે. સારા નરસાનો વિવેક ભુલનારા, પોતાને રેશનાલીસ્ટ માનનારા, માણસો સંવેદનશીલ બાબતોમાં સામાન્ય અભિપ્રાયની તદન વિપરિત સૂચનો પણ કરતાં હોય છે. આવા વખતે જો પોતાના મનને પ્રમાણભૂત ન માનવામાં આવે તો નિર્ણય ઢાલો પડી જાય છે. પરિણામે નુકશાન થાય છે.

લેવાયેલા નિર્ણયને કાર્યાન્વિત કરવામાં વ્યક્તિની કસોટી થતી હોય છે. કોની સલાહ માનવી કે ન માનવી તે જે - તે વ્યક્તિ પર નિર્ભય છે. સમાજમાં લોકો ગમે તે બોલતાં હોય પણ વ્યક્તિ માટે તો તેના પોતાના મનનો નિર્ણય જ શ્રેયસ્કર હોય છે. તેથી પોતાના મનને જ પ્રમાણભૂત માનીને નિર્ણયને અમલમાં મૂકવા પગલાં લેવા જોઈએ. કદાચ એ નિર્ણય ભૂલ ભરેલો હતો તેવું પછીના બનાવોથી સાબિત થાય તો પણ વધારે પસ્તાવું ન પડે. કોઈની ખોટી દોરવણીથી દોરવાઈ ગયા હતા તેવું ન લાગે. આપણો નિર્ણય હતો તે આપણે સહન કરવું પડે તેવું આશ્વાસન રહે. આ ઉપરાંત ભવિષ્ય માટે વધારે જાગૃત રહેવાય. પ્રશ્ન પરત્વેનું જે ચિંતન તે સાચી દિશામાં થવું જોઈએ તેવો પાઠ પણ મળે. લોકોની સલાહથી પોતાના મનને અવગણી જો નિર્ણય લીધો હોય અને તે ખોટો સાબિત થાય તો પસ્તાવાનો પાર ન રહે. પોતાની જાત પરનો અવિશ્વાસ પતનને નોતરે છે, તે યાદ રાખવું.

સાવિત્રીનું આ કથન અનેક રીતે વિચાર-પ્રેરક છે. હાલમાં મહિલા સશક્તિકરણની ચર્ચા વધારે પ્રમાણમાં થવા લાગી છે. તાજેતરમાં બનાવોથી સમાજ જાગૃત થયો અને મહિલાઓનાં સંરક્ષણનો પ્રશ્ન ઉભર્યો. પરંતુ બાહ્ય સંરક્ષણ માત્ર બાહ્ય જ હોય છે. મહિલાઓને બાહ્ય સંરક્ષણની જરૂર છે તેના કરતાં આત્મબળની વધારે જરૂર છે. બળાત્કારની કે છેડતી જેવા બનાવો નજરે ચઢે છે પણ ઘરોમાં કે ઓફીસોમાં પણ તેના નિર્ણયની કોઈ અસર થતી નથી. કારણ મહિલાઓ તુરત પોતાનો નિર્ણય બદલાવે છે. જો આત્મ-તેજે દિપ્તી હોય તો તે પોતાના નિર્ણય પર અડગ રહી સૌ પાસે તેનો સ્વીકાર કરાવે. અભ્યાસ-લગ્ન-સંતાનના જન્મ તથા તેના ઉછેર જેવા પ્રશ્નો પર મહિલાઓ પોતાના મનને પ્રમાણભૂત માની તે પ્રમાણે વર્તવા તૈયાર થાય તો સમાજમાં આનૈચ્છિક લગ્નો, અને ભ્રૂણહત્યા જેવા બનાવો ન બને.

પોતાના મનને પ્રમાણભૂત માનવામાં કોઈ દોષ નથી. ઘણીવાર સમાજની ટોચની વ્યક્તિઓને મનને - ચલિત કરી દે તેવી લોભામણી ઓફરો મળતી હોય છે. કેટલાક ક્ષેત્રોમાં તો જવાબદાર વ્યક્તિઓ નિર્ણય બદલવામાં ભારે દબાણ પણ કરાય છે. આવા વખતે શાસનકર્તાઓ પોતાના નિર્ણયને જો વળગી રહે તો એ સમાજમાં હિતમાં હોય છે. મનની પ્રમાણિક વિચારધારાથી લેવાયેલ નિર્ણય સમાજમાંથી ભ્રષ્ટાચાર-અપ્રમાણિકતા તથા લાંચ-રૂશ્વત જેવા દુષણો પર અસર પાડે છે. સમાજમાં આવા દૂષણો ફૂલ્યાં ફાલ્યાં છે તેનું કારણ શાસન કોઈ નિર્ણય લેતું નથી અને જો નિર્ણય લે છે તો તે વારંવાર બદલાવ્યા કરે છે. અમલમાં ઢીલાશ રાખે છે. મનમાં નબળાં માણસો જ આ પ્રકારના દબાણમાં આવી જાય છે. કવિ નર્મદે આવા ઢાલી મનોવૃત્તિ માટે કહ્યું છે. ‘હજી સમય નથી આવિયો, કો દિન ગાળે, જન બહાનું કરે, અર્થ નવ સરે...’

માનવ મન અતિ સંવેદનશીલ અને વિચારશીલ છે. કોઈ પણ એક પ્રશ્ન પર તે વારંવાર તર્કો લડાવતું જ રહે છે. પ્રશ્નોના વિવિધ પાસાઓ પર, તેનાથી થનારી અસરો પર. સારા માઠા પરિણામ પર, મનના ઊંડાણમાં સતત ચિંતન થતું રહે છે. પણ એક વાર આ તમામ પ્રક્રિયા પુરી થઈ જાય તે અંતિમ નિર્ણય લેવાય તો પછી તે નિર્ણયને માન્ય ગણી કાર્યમાં મુકવો જોઈએ. નિર્ણય લેવાયો પછી તેને અભિવ્યક્તિ મળે છે. આ ગાળો અતિ મહત્ત્વનો છે. જયાં સુધી તમારો નિર્ણય બહાર ન પડે, મનની ગુહામાં હોય, ત્યાં સુધી એ તમારો છે. પણ એકવાર વાત જાહેરમાં મુકાઈ ગઈ પછી તેનો હવાલો સમાજ લઈ લે છે. એ ચર્ચાનો વિષય બને છે. સલાહ-સૂચનો અને દબાણનો સામનો કરવા, તમારો નિર્ણય યોગ્ય અને સાચો છે. તેવો બચાવ કરવા માટે તમારે સજ્જ થવું પડે છે. સાવિત્રી નાદરજીને સ્પષ્ટ કહે છે. મેં મારા મનને પુછીને નિર્ણય કર્યો છે. મારા માટે મારા મનની સચ્ચાઈ જ પુરતી છે. સત્યવાનનું આયુષ્ય - ગમે તેટલું હોય - મારૂં મન ફરવાનું નથી. કારણ આ મારો નિર્ણય છે. મારા માટે મારૂં મન પ્રમાણભૂત છે. તેને અવગણીને હું કોઈ પગલું નહિ ભરૂં.’

પોતાના મન પરનો અટલ અને અડગ વિશ્વાસ એ મોટી વાત ગણાય. જેને પોતાના મન પર જ વિશ્વાસ ન હોય તેનું જીવન પણ ડામાડોળ હોય તેવી વ્યક્તિ કોઈ એક સ્થાન પર સ્થિર ન રહે. વારંવાર ધંધા-નોકરી બદલે અને પરિણામે તેની દશા તો સુભાષિત કહ્યા મુજબ ‘બાવાના તસ્ય નશ્યન્તિ અધ્રુવ નશ્યમેવ ચ’ થાય. કહો કે ‘બાવાના બેય બગડે’ દરેક દુષ્કર્મ પર મન તો ચેતનવંતુ જ હોય છે. કારણ ચિત્તનો મૂળગત સ્વભાવ તો સ્વચ્છ ને પવિત્ર જ રહેવાનો છે. પરંતુ આપણે ભૌતિક સ્વાર્થ માટે આ ચેતવણી લક્ષ્યમાં લેતા નથી. આત્માનો પોકાર આમ દબાઈ જાય છે અને ભૌતિકતા આગળ આવે છે. આવી વ્યક્તિના નિર્ણયો પ્રાથમિક સ્તરે સમાજ માટે તથા અંતિમ તબક્કે તેઓ પોતાના માટે નુકશાનકારક સાબિત થાય છે. સામે આવેલ લાલચને ઠોકર મારવી. મોટી ‘ઓફર’નો તુરત અસ્વીકારક કરવો. એ દઢ મનોબળ ધરાવતાં માનવીઓ માટે સહજ હોય છે. એક ક્ષણ ખરડાવાથી અટકી જવાય તો મન પછી કયારેક ફરી નથી ખરડાતું.

મનની દઢતા કેળવવી અતિ કઠિન છે. આપણા તમામ શાસ્ત્રો આ વાત પરથી ભાર મુકે છે. યોગ્ય નિર્ણય લેવાની સાનુકૂળતા રહે તે માટે કેવી પ્રક્રિયા કરવી તે અંગે વિવિધ માર્ગો સૂચવાયા છે તેમાં એક બાબત તદન સ્પષ્ટ છે કે વ્યક્તિએ પોતાની પ્રકૃતિ અનુસાર મનને કેળવવું જોઈએ. જેમ કે, ઈન્ટ્રોવર્ટ-વ્યક્તિઓ રાજકારણમાં ન ચાલે. તેણે પોતાના સ્વભાવને અનુરૂપ કાર્ય શોધી. તેવા નિર્ણયો લેવા જોઈએ. કોઈ પણ પ્રકાર કે પ્રશ્ન પર મનમાં સંકલ્પ - વિકલ્પ થાય પણ નિર્ણય લેવાનું કાર્ય તો બુધ્ધિ કરતી હોય છે. જે નિર્ણય બુધ્ધિથી પુરતી વિચારણા પછી લેવાયા હોય તેજ પ્રમાણભૂત બને છે. ઉતાવળા, વગર, વિચાર્યે લીધેલા નિર્ણયો પ્રમાણભૂત નથી હોતા. બુધ્ધિ દરેક પ્રશ્ન પર ઊંડો વિચાર કરે છે. અગાઉના આવા જ ઉદાહરણો સાથે સરખામણી કરે છે તે પછી ‘ટ્રાયલ અને એરર’ મેથર્ડથી ચોક્કસ ઊતરે ને પછી તેને કાર્યમાં ઉતારવો જોઈએ. વાણીની અભિવ્યક્તિ પણ મહત્ત્વની છે. **“Think twice before you Speck”** એ કહેવત વારંવાર યાદ રાખવી કારણ માણસ જેવું વિચારે છે તેવું બોલે ને જેવું બોલે તેવું કર્મ કરે... આમ કર્મનો આધાર વિચાર તત્ત્વ સાથે છે.

છેવટે એક મહત્ત્વની યાદ રાખવા જેવી વાત એ છે કે આપણા નિર્ણય પર કોઈની સીધી કે આડ કરી અસર તો નથીને તે તપાસી લેવું. ગુરૂ, ગ્રંથ કે આદર્શ વ્યક્તિ, આ સૌનાં વિચારો આપણા ચિત્ત પર છવાયેલા હોય છે. તેથી જાણ્યે - અજાણ્યે તે વિચારોને અનુસરી કે તેના પ્રભાવમાં આવી નિર્ણય લેતા હોઈએ છીએ. આમાં મોટો દોષ એ કે નિર્ણય લેવા હોઈએ છીએ. આમાં મોટો દોષ એ કે નિર્ણય આપણો નથી હોતો - ને આપણે ભૂલમાં આપણો માની લઈએ છીએ. મન સત્યતાના સાક્ષી ત્યારે જ પુરે જયારે આપણે પૂર્ણ તટસ્થતાથી નિર્ણય લીધો હોય. સાંપ્રત સમયમાં વિદ્યાર્થીઓને પોતાના આગળના અભ્યાસ માટે લાઈનની પસંદગીનો સવાલ હોય કે યુવાનો માટે લગ્નનો પ્રશ્ન હોય, જો જાતે પુરી રીતે વિચારી નિર્ણય કરે તો પસ્તાવાનો સમય આવતો નથી. પ્રથમ તબક્કે મન - આપણો આત્મા આપણને સત્યના માર્ગે જ દોરતો હોય છે. અને તેને અનુસરવું જ હિતાવહ છે.